**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૬/૦૬/૨૦૧૭ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬૮/૧૭</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૨૧૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૬૯/૧૭</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૭૦/૧૭</u>**

**ચાંદખેડાઃ** રાજેશકુમાર મહેશચંદ્ર જૈન (રહે. સ્પર્શ એપાર્ટમેન્ટ કેના બંગ્લોઝની પાછળ મોટેરા) એ તા.૫/૬/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૫/૧૭ કલાક ૫/૦૦ થી તા.૨/૬/૧૭ રાતના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, કાંડા ઘડીયાળ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૭૧/૧૭</u>**

**બાપુનગરઃ** સંજય સ/ઓ શાંતિલાલ શાહ (ઉ.વ.૩૨) (રહે. વસંતકુંજ સોસાયટી રખિયાલ ગામ તા દેહગામ ગાંધીનગર) તા.૫/૬/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ગુજરાત બોટલીંગ ચાર રસ્તા રામદેવનગર નજીકથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યા ત્રણ પુરૂષોએ સંજય શાહની ગાડી અને મોટર સાયકલ સાથે અકસ્માત થયો છે તેમ કહી સંજય શાહની કાર ઉભી રખાવી વાતોમાં વ્યસ્ત રાખી સંજય શાહની નજર ચુકવી કારમાંથી જરૂરી કાગળો અને રોકડ રૂપિયા ૧,૫૦,૫૦૦/- સાથેની બેગ ચોરી ચોરી કરી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સંજય શાહે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ પટેલ ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૭૨/૧૭</u>**

**મણીનગરઃ** રીનાબહેન વા/ઓ જીતુભાઇ ઠાકોર (ઉ.વ.૨૮) (રહે. વેજલપુર ગામ મુખીવાસ બુટભવાની મંદિરની આગળ વેજલપુર) તા.૫/૬/૧૭ રાતના ૮/૧૫ વાગ્યાના સુમારે એલ.જી.હોસ્પીટલ પાસે મેડપ્લસ મેડીકલ સ્ટોર સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ રીનાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રીનાબહેન ઠાકોરે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એમ.એમ તેજોત ચલાવે છે.

**ઈસનપુરઃ** શચિતાબહેન વા/ઓફ યુવરાજસિંહ બારડ (ઉ.વ.૨૭) (રહે. સુખસાગર સોસાયટી ધન પાલેશ્વર વિંઝોલ પાસે વટવા) તા.૫/૬/૧૭ સવારના ૬/૪૫ વાગ્યાના સુમારે ઘોડાસર ચાર રસ્તાથી કેડીલા અંડર પાસ જતા સર્વીસ રોડ સન વુડ વર્કસ દુકાનની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શચિતાબહેનના ગળામાંથી સોનામા મણકાવાળુ ડોકીયુ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શચિતાબહેન બારડે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી સી ડી વૈશ્યક ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૭૩/૧૭</u>**

**વટવાઃ** મુનાવરખાન મુરતુજાખાન પઠાણ (ઉ.વ.૩૮) (રહે. જૂનો મહોલ્લો સૈયદવાડી કુતબે આલમ દરગાહ પાછળ વટવા) એ અગમ્ય કારણસર તા.૫/૬/૧૭ કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે પોતના ઘરે છતમાં લોખડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ મૂલજીભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** ભીખાભાઇ વિરચંદદાસ સુથાર(ઉ.વ.૭૫) (રહે. ધનશ્યામ કોમ્પલેક્ષ ચાંદલોડીયા) એ બીમારીથી કંટાળી તા.૫/૬/૧૭ કલાક ૯/૧૫ વાગ્યના પહેલા દધીચીબ્રીજ નીચે નદીમાં પડી પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ. મ.સ.ઇ.શ્રી બળવતભાઇ શકરભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** સંદીપ રમેશભાઇ ઠાકોર (ઉ.વ.૨૮) (રહે. ઠાકોરવાસ ખોજા ફ્લેટની સામે ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૫/૬/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યના પહેલા રિવર્ફ્રન્ટ પશ્ચીમ તરફ એન.આઈ.ડી. પાછળ ઘાટ નંબર-૧૧ પાસે વોક વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.